શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

જાન્યુઆરી- ૨૦૦૬'

## સામનો કર

સ્વામી વિવેકાનંદ કાશી નજીકના વનમાંથી પસાર થતા હતા.

ક્યાંકથી આવીને જંગલી વાંદરાંઓનું ટોળું તેમની પાછળ પડ્યું. સ્વામીજીને ઝનૂની વાંદરાંઓની બીક લાગી અને દોડવા લાગ્યા. વાંદરાંઓ પણ તેમની પાછળ દોડ્યાં. થોડે દૂર નહીં ગયા હોય ત્યાં સ્વામીજીએ એક અવાજ સાંભળ્યોઃ 'દુષ્ટોથી ડર નહીં, તેમનો સામનો કર.'

સ્વામીજી થંભી ગયા અને આંખો કાઢી વાનર ટોળાની સામે ઊભા રહ્યા. વાંદરાંઓ ઊભી પૂંછડીએ ભાગવા માંડ્યાં.

ત્યાં વૃક્ષઝુંડમાંથી એક સંન્યાસી બહાર આવ્યા. સ્વામીજીને ન ભાગવાની સલાહ આપનાર એ જ હતા. તેમને પ્રભુના સંદેશવાહક સમજીને સ્વામીજીએ તેમના ચરણમાં મસ્તક મૂક્યું.


*- સંકલન*




# જાહેર આમંત્રણ



## શ્રી ગોકુલનાથજી મંદિર ફગવા ઉત્સવ



## બાલાસિનોર મુકામ



આ વર્ષે શ્રી ફગવા ઉત્સવ ૨૦૬૨ ના ફાગણ સુદી નોમને બુધવાર તા. ૮.૩.૨૦૦૬ ના રોજ છે. આ ઉત્સવમાં હાજર રહેવા સર્વ બાલાસિનોર દશાનિમાં વૈષ્ણવોને ભાવ ભર્યુ આમંત્રણ છે. તો આપ સર્વે આ પ્રસંગે જરૂરથી સહકુટુંબ બાલાસિનોર પધારશોજી.

**મંગળવારે કાર્યક્રમ તા.૭.૩.૨૦૦૬ ના કિર્તન સાંજે ૪.૦૦ કલાકે**
**સ્થળે: હોળી ચકલા, નગર શેઠના ફળિયાં, બાલાસિનોર.**



**તા.૮.૩.૨૦૦૬ ને બુધવારે શ્રી ઠાકોરજી મંદિરેથી સવારે બગીચે પધારશો.**

આ પ્રસંગે સર્વ વૈષ્ણવો માટે પ્રસાદ લેવાની વ્યવસ્થા રાખેલ છે. અમારૂ ભાવ ભર્યુ આમંત્રણ સ્વીકારી ઉત્સવમાં ભાગ લેવા જરૂરથી પધારશોજી.

*લી.*

*રમણલાલ છોટાલાલ દોશી નો પરિવાર*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૮ | ૧૦ | ૧૪-૧-૨૦૦૬ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# ડાય કરવી કે નહી

*- તંત્રી સ્થાનેથી*

મારા વાળ ધોળા થવાની શરૂઆતતો છેલ્લાં કેટલાંક વર્ષોથી થઈ ગઈ છે પરંતુ થોડાંક આગળના વાળ જ સફેદ થઈને સ્ટાઈલ લાગતી. હવે વધુને વધુ વાળ સફેદ થવા માંડયા છે. ૪૦ વર્ષની ઉંમરે પણ માથાનો સફેદવાળા જોતાંજ મનમાં વૃધ્ધત્વનો છુપો ડર ઉભરી આવે છે. સ્ત્રીના મનમાંથી તો નીસાસો જ નીકળી પડે છે અને પછી મનમાં કશ્મકશ શરૂ થઈ જાય છે. હવે આ વાળ ડાય કરીને પાછા કાળા કરવાં કે પછી ઉંમરનો તકાજો સમજીને કુદરતી રીતે જે આવે એ સ્વીકારી ને જેવા હોઈએ એવા દેખાવું ? ઘણાં મોટી ઉંમરના લોકો એને વર્ષોની તપસ્યા, કડવા મીઠા અનુભવો અને જીવન સંઘર્ષની યાત્રાનો પ્રસાદ સમજીને સ્વીકારી લે છે. બાકીના કુદરતના આ અભિશાપને ડાય દ્વારા નાથવાનો પ્રયત્ન કરે છે. આ વાળ કાળા કરવાં કે ન કરવાં એ વ્યકતિની પોતાની અંગત બાબત છે. પરંતુ આજે મનમાં થતી આ અંગેની કશ્મકશ મારે કાગળ ઉપર ઉતારવી છે.

માણસનો ચહેરો તેના વ્યક્તિત્વનો આયનો છે અને વાળ એ ચહેરાનું અગત્યનું અંગ છે. વાળ જ્યારે સફેદ થાય ત્યારે વ્યક્તિત્વમાં ફેરફાર દેખાવા માંડે છે. વ્યક્તિ જ્યારે પોતાની જાતને આયનામાં નીહાળે છે ત્યારે એ પોતાના વ્યક્તિત્વને નીહાળે છે અને આજ વ્યક્તિત્વ લઈને જ્યારે એ બહાર નીકળે છે ત્યારે એના વર્તનમાં એની રીતભાતમાં એના

કોન્ફીડન્સ લેવલમાં એ વ્યક્તિત્વનો પ્રભાવ દેખાય છે. આપણે જ્યારે સારા, આપણને શોભતાં, ગમતાં કપડાં પહેરીએ ત્યારે આપોઆપ આપણો કોન્ફીડન્સ વધી જાય છે. જ્યારે આપણું મન આયનો જોઈને કહે કે આજે તું સરસ લાગે છે એ દિવસે બીજા સાથેની વાતચીતમાં આપણી કામ કરવાની ઝડપમાં અને બીજા સાથેના વ્યવહારમાં આપોઆપ એની અસર દેખાય છે. કેટલાંક લોકોને ચહેરો સફેદવાળા સાથે વધુ સારો લાગતો હોય છે. એમનું વ્યક્તિત્વ સફેદવાળમાં શોભતું હોય છે. એમનામાં પોતાની મોટી ઉંમરનું, અનુભવોનું તેજ છલકતું દેખાય છે અને આપોઆપ સામાવાળો માન આપવા પ્રેરાય છે. ટુંકમાં જે વાળ, જે દેખાવ આપણા વ્યક્તિત્વને શોભે, આપણી ઉંમરને શોભે અને આપણો કોન્ફીડન્સ લેવલ વધારે એવા વાળ રાખવા જોઈએ. ઉંમરથી નાના દેખાવું, ઉંમર છુપાવવી એ એક સહજ બાબત છે પરંતુ આમાં આછલકાઈનું પ્રદર્શન ન થાય એ જોવું જોઈએ. આપણાં કપડાં પણ આપણા વ્યક્તિત્વનો અગત્યનો હિસ્સો છે. સારાં અને શોભતાં કપડાં પ્રસંગને અનુરૂપ કપડાં આપણા વ્યક્તિત્વને નીખારે છે. બીજાની દૃષ્ટિએ જોઈએ તો ક્યારે પણ આપણે અજાણી વ્યક્તિને મળીએ ત્યારે આપણો ચહેરો આપણો બાહ્ય દેખાવ જોવાય છે અને નજર એને માપે છે. પહેલી નજરની જે છાપ પડે એ આપણા દેખાતા વ્યક્તિત્વની પડે છે. પછી ધીરે ધીરે એ તમારા બીજા પાસાં સ્વભાવ, રીતભાત કે ઈન્ટેલીજન્સ જુએ છે અને એ રીતે નજર બદલાય, પણ જેમ કહેવાય છે એમ ફસ્ટ ઈમ્પ્રેશન ઈસ લાસ્ટ ઈમ્પ્રેશન (આ લાસ્ટ એટલે લાંબો સમય છે છેલ્લી નહી) કોઈ કહેશે વિદેશમાં એનું કંઈ મહત્વ નથી કેવા પણ કપડા પહેરો કે કેવા પણ દેખાવ હુ કેરસ ? ના ત્યાં પણ સાવ એવું નથી. જોબ ઉપર ખાસ કરીને સીટીમાં ઓફિસોમાં કામ કરતા લોકો રોજ અપટુડેટ તૈયાર થઈને જ જાય છે. સૌદર્ય પ્રસાધનો પણ ત્યાં જ સૌથી વધુ વેચાય છે. વૃધ્ધ સ્ત્રીઓ ૭૦ વર્ષે પણ ઘરની બહાર બનીઠનીને જ નીકળે છે. આપણે ત્યાં પણ પરિસ્થિતી બદલાઈ રહી છે પણ હજી ‘‘હવે ઉંમર થઈ હવે આપણને ન શોભે, હવે શું તૈયાર થવાનું કોને બતાડવાનું’’ વગેરે સંવાદો સંભળાય છે.

માણસની ઉંમર થાય વાળ ધોળા થાય એમ એનું મન પણ વૃધ્ધ થતું હોય છે. જેમ કોલસા પર રાખ જામીને સફેદ દેખાય છે એમ મન ઉપર પણ ઉંમરની રાખ બાઝે છે. એને પણ ઉડાડવાની, ડાય કરવાની જરૂર છે. માણસ શરીરથી વૃધ્ધ થાય છે એના કરતાં ઝડપથી એ મનથી વૃધ્ધ થતો હોય છે. હવે મારાથી આ ના થાય આમ ન પહેરાય. આ ના શોભે. એમ એ મનથી માનવા લાગે છે. અને મન મારીને જીવે છે. વય વધતાં સ્ત્રીઓ ચુડીદાર છોડીને સાડી ઉપર આવી જાય અને પુરુષો હાફ પેન્ટ અને ટી શર્ટ પહેરતાં શરમાય છે. યંગસ્ટર્સ સાથે ભળતા સંકોચ પામે છે. આ મનને જુવાન રાખવાની જરૂર છે. આપણને શોભે એવા દેખાવું અને ડીગનીટી સાચવીને કપડાં પહેરવા કે વર્તન કરવું એ મહત્વું છે અને એ માટે વાળની સાથે મનને પણ ડાય કરવાની જરૂર છે.

**– નિખિલ પરીખ**

# પત્ર

**અમિતા ધારિઆ**

**પ્રિય અમી,**

મઝામાં જ હશે.

દરેકનાં જીવનમાં અણધાર્યા પ્રસંગો બને છે. જેવા કે પૈસાની મુશ્કેલી, સ્વજનનું અવસાન, શારીરિક તબિયત કથળવી, સંબંધોની કટોકટી. આવી વિષમ પરિસ્થિતિમાં આપણે ગુસ્સો, હતાશા, એકલતાના ભાવો અનુભવીએ છીએ. હતાશ થઈને હિંમત હારી જઈએ છીએ. પોતાની પરિસ્થિતિ સૌથી દુ:ખી હોવાની નકારાત્મક લાગણી થાય છે.

અમી, જીવનમાં સુખ અને દુ:ખ આવન જાવન કરે જ છે. જેમ ખરાબ સમય આવે તેમ સારો સમય પણ આવે જ છે. આવી વિચાર સરણી કેળવી દુ:ખમાં પણ સુખને શોધીએ તો જીવનમાં સફળતા મળે છે. અને કપરા સંજોગોમાં યોધ્ધાની જેમ મક્કમ બળ થી, હિંમત સાથે આગળ વધીએ તો ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકીએ છીએ.

દુ:ખ આપણને હાસ્યની કિંમત શીખવે છે. કપરી સ્થિતિમાં આપણું ચારિત્ર્ય ઘડાય છે. ધ્યેય નિષ્ઠા પ્રબળ બને છે. શક્તિ વધે છે. મનોબળ મજબૂત થાય છે. જેનાથી આપણને નવીજ દિશા મળે છે. અમૃત રૂપી આનંદને દુ:ખના વલોણાં વડે જ મેળવી શકાય.

અમી, જીવન એક રણક્ષેત્ર છે. પ્રશ્નો અને સમસ્યાનો વંટોળ છે. સંઘર્ષોની હારમાળા છે. જો આપણે તેની સામે માનસિક સ્વસ્થતાથી ઉભા રહીએ, અભય થઈને સામનો કરીએ, અપમાન કે પ્રતિષ્ઠાની બીકે સંજોગોથી નાસી ન જઈએ તો હંમેશા આપણી જીત થાય છે. જીવન પટને સચ્ચાઈ, સાદાઈ અને સંતોષના તાણા વાણા વડે ગુંથી લઈ શું તો સુખ સામે પગલે શોધતું આવશે.

આપણું સૌથી મહત્વનું જીવનબળ છે, ઈશ્વરમાં વિશ્વાસ અને શ્રધ્ધા ઈશ્વર મારી સાથે જ છે અને મને મદદ કરે જ છે તેવી વિચારસરણી વિકસાવવા જાતને કેળવવી પડે છે. આ રીતે આપણા જીવનમાં ઈશ્વરનું તાદાત્મ્ય અનુભવીએ તો, જીવનનાં સર્વ પ્રશ્નો અને સમસ્યાઓ ઈશ્વરને સૌંપી શકીએ. રોજ ઈશ્વર સાથે સૂમેળ સાધી`ક પ્રિય અને વિશ્વાસુ સાથીની જેમ શ્રધ્ધાથી તમામ તકલીફો અને મુશ્કેલીઓ એમની સમક્ષ રજૂ કરી શકીએ કારણ કે તેનાં રાજયમાં કોઈ વાતની ક્ષતિ, ખામી, ઉણપ કે અભાવ નથી. ઈશ્વરની ઈચ્છા અને મદદથી સદા ઉત્તમ અને હિતદાયક જ થાય છે.

સાચા હ્રદયથી ઈશ્વરની પ્રાર્થના કરવાથી આપણા જીવનમાર્ગમાં પ્રકાશ પથરાય છે. જીવનને માર્ગદર્શન અને મદદ મળી રહે છે. મૂંઝવણોનો ઉકેલ શોધી સાચા નિર્ણયો લેવાની સૂઝ પ્રાપ્ત થાય છે.

અમી, યાદ રાખવા જેવુંસુંદર વાક્ય છે. 'TOUGH TIMES NEVER LAST, BUT TOUGH PEOPLE DO' કપરો સમય ક્યારેય જીવન પર્યંત ટકતો નથી, પણ મજબૂત માનવી જીવનભર મુશ્કેલીમાં પણ ટકી રહે છે.

આ સાથે કોઈક લેખકે ભગવાનને કહેલી પ્રાર્થનાના શબ્દો યાદ આવે છે.

'LORD, GIVE ME THE GUIDANCE,
TO KNOW, WHEN TO HOLD ON,
AND WHEN TO LET GO, AND THE GRACE TO MAKE,
RIGHT DECISION WITH DIGNITY.'

***'હે પ્રભુ, મને કટોકટીની પરિસ્થિતિમાં,***
***ક્યારે ઝઝુમવું ને ક્યારે જતું કરવું,***
***તે અંગે માર્ગદર્શન આપજે,***
***અને આ પરિસ્થિતિમાં હું ગૌરવપૂર્ણ***
***સાચા નિર્ણયો લઈ શકુ તેવી આપની કૃપા વરસાવજે.'***

તારા દીકરાને મારો પ્યાર.

***એજ... ધરા...***

# યુરોપ ડાયરી

❑ પ્રવીણ દેસાઈ

હેડલબર્ગ જર્મનીનું મશીનરી માટે પ્રખ્યાત શહેર છે. અહીં પ્રિન્સ કાર્લ રૂપર્ટ જૂનામાં જૂની યુનિવર્સિટી છે. ૧૨મી સદીનો કેસલ, ૧૭ મી સદીનું 'હોલી સ્પિરિટ ચર્ચ' જોવાલાયક સ્થળો. રહાઈન અહીં નીકર નદી કહેવાય છે. હેડલબર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૭૫ ટકા છે. યુનીવર્સિટીમાં સંસ્કૃત ભાષા શીખવવામાં આવે છે. ક્રાઈસ્ટને ખોળામાં લઈ બેઠેલાં મધર મેરીનું પૂતળુ, પાણી વિનાનો ફુવારો, જૂના માર્કેટનો સ્કવેર, ડી.વી. સ્કવેર જેવા સ્થળોએ ભ્રમણ કરી રાત્રિ નિવાસ માટે હોટલ મર્ક્યુરમાં આવ્યા. અહીંથી અમે સૌન્દર્યના દેશ સ્વીટઝરલેન્ડ જઈશું.

**૭ જૂન :** સવારના નાસ્તા પછી સ્વીટઝલેન્ડ તરફ પ્રયાણ કરીએ છે. માર્ગમાં બ્લેકફોરેસ્ટની સુંદરતા જોવા મળી. આ ગાઢ જંગલમાં દિવસે પણ રવિકિરણોને પ્રવેશ નથી. આ ગાઢ જંગલમાં સાવ કાળો અંધકાર છવાયેલો રહે છે. પ્રહલાદ પારેખનું સ્મરણ 'આજ અંધકાર ભર્યો ભર્યો લાગતો' એટલે જ એનું નામ 'બ્લેક ફોરેસ્ટ' 'કૂકૂ' ઘડિયાળો અને કેક માટે પ્રખ્યાત. દ્રુબા સેન્ટરમાં આ ઘડિયાળો જોવાનો અવસર પ્રાપ્ત થયો. ઘડિયાળના ઉત્પાદનની પ્રક્રિયા નિહાળી. બહાર મકાન પર ચોગાનમાં રાખેલી ઘડિયાળમાં નૃત્ય કરતું યુગલ અને અર્ધા કલાક - કલાકે બંધ દરવાજામાંથી બહાર આવી સંગીત રેલાવી જતી કૂકૂ - કોયલ જોવા મળી. હૈદ્રાબાદના સાલરજંગ મ્યુઝિયમમાં આવું નિદર્શન વર્ષો પહેલાં જોયાનું સ્મરણ થઈ આવ્યું. આજે બપોરના ભોજનનો આસ્વાદ શ્રીલંકન રસોઈયાએ કરાવ્યો. અહીંથી ઈંગસબર્ગની અમારી સફરમાં વચ્ચે રહાઈન ફોલ્સ ધોધનું સૌન્દર્ય માણવા મળ્યું. સફોઉઝનમાં ૫૦ ફૂટ ઉંચેથી પડતા આ ધોધને નિહાળવાનો લહાવો લેવા જેવો. ધોધ અમે ઉતર્યા એના સામા કિનારે હોવાથી કેટલાક સાથી મુસાફરો નાવમાં બેસી ધોધ સુધી જઈ આવ્યા. આવા સ્થળોની મુલાકાત વખતે મને મારા દેશનાં પ્રવાસ સ્થળોની યાદ આવી જાય છે. જબલપુરમાં ભેડાઘાટના ધુંવાધારનું સૌન્દર્ય પણ અદભુત છે. લેખક અશ્વિની ભટ્ટે પોતાની નવલકથામાં એનું આબેહૂબ વર્ણન કર્યું છે.

રાત્રિનિવાસ ઈંગલબર્ગ હોટલ ટેરેસમાં. આ હોટલ પહાડોની ગોદમાં બેઠેલા બાળક પોખરાની યાદ અપાવે. હોટલ પર પહોંચવા બે રેલપાટા પર સરકતી લિફ્ટ જેવા 'ફેનીકર'ની સ્વયંસંચાલિત યંત્રણા રાખવામાં આવી છે. ૧૨-૧૪ પ્રવાસીને વહન કરવાની ક્ષમતાવાળા 'ફેનીકર'માં ત્રણ-ચાર મિનિટમાં આપણે હોટલ પર જઈ શકીએ. સામાન લાવવા લઈજવા અલગ ફેરેવવાની સગવડ છે. આવી પણ થોડી જુદી જાતની વ્યવસ્થા દક્ષિણ પ્રવાસમાં 'પલની'માં જોઈ હતી.

**૮ જૂન :** સમૂહ પ્રવાસમાં આપણી સાથે જાતજાતના, ભાતભાતના અને અલગ અલગ શહેરના લોકો હોય છે. દરેકના જુદા સ્વભાવ, રીતભાત, પોતાની જરૂરિયાતો અને માન્યતાઓ સાથે તેઓ આવે છે. કેટલાકને સગવડો ઓછી લાગે, ખાવાનું ન ગમે, પોતાના પૈસાનો અહમ સાથે લઈ આવતા પ્રવાસીઓ માટે આવો ગ્રૂપ પ્રવાસ કદાચ નવો અનુભવ હોય છે.

સ્વીટઝર્લેન્ડમાં ફરતા ફરતા એની પ્રજા વિષે મારા મનમાં એક છાપ અંકિત થઈ છે. સ્વીસ પ્રજા સ્વકેન્દ્રી અને એકાંતપ્રિય છે. બંધ મકાનો, રસ્તા પર લોકોની નહિવત અવરજવર, અજાણ્યા લોકો સાથે વાત કરવાનું બહુધા ટાળે. રખડતા પ્રાણીઓનો ત્રાસ નથી. બોર્ડર પર પ્રવેશવિધિ નિર્વિઘ્ને પતાવી અમે સૌન્દર્યભૂમિ સ્વીટઝલેન્ડમાં પ્રવેશ કર્યો. સ્વીસ બેન્કનો આ દેશ યુરોપનો સમૃધ્ધ તવંગર દેશ છે. બરફ, પડાહો,

ઘડિયાળો, સરોવરોનો દેશ છે. ચોકલેટ અને ઘડિયાળનો ૭૫-૮૦ ટકા માર્કેટ હિસ્સો ધરાવે છે.

આજનો દિવસ વૈકલ્પિક ટૂર માટે. માઉન્ટ ટિટલીસ અને સરોવરમાં બોટની મુસાફરી.

અમે ઉતર્યા છીએ તે 'હોટલ ટેરેસ'ની ચોપાસે ફેલાયેલી આલ્પ્સની પર્વતમાળાના શિખરો પર ઝળુંબતી વાદળીઓ પ્રેમાતુર પ્રિયતમને મળવા અધીરી બની દોડી રહી છે. આસપાસ ઉભેલા પાઈનવૃક્ષો મિલનના મૂક સાક્ષી બની સમીર સંગે હિલોળા લઈ રહ્યાં છે. દિવસ સ્વચ્છ સૂર્યપ્રકાશ લઈ આવ્યો છે. સવારનો હુંફાળો તડકો અસહ્ય ઠંડીમાં થોડીક રાહત આપે છે. જીવનની આ ઘટમાળ સતત ચાલતી રહે છે.

સ્વ. કવિ વેણીભાઈ પુરોહિત યાદ આવે છે :

***'માનવીનાં રે જીવન! ઘડીક અષાઢ અને***
***ઘડીક ફાગણ..... એક સનાતન શ્રાવણ'***

ચોકલેટ ફેકટરી જોવા જઈ રહ્યા છે ત્યારે અમારો બસ ડ્રાઈવર હાઈવે છોડીને અંતરિયાળ માર્ગે જઈ રહ્યો છે. કુદરતી વૈભવથી ભરપુર આ રસ્તો હરિયાળા વૃક્ષોથી આચ્છાદિત છે. જે જોતાં આપણું મન પ્રફુલ્લિત થઈ જાય છે. સ્વીટઝર્લેન્ડ આવા સૌન્દર્યમંડિત પ્રદેશથી રળિયાત બન્યું છે. બધાં જ ઘરો લાકડાના છે. ઠંડીથી રક્ષણ આપતા આ મકાનો બરફવર્ષા વખતે હૂંફ આપે છે.

માએસ્ટરાની અત્યાધુનિક ચોકલેટ ફેકટરીની મુલાકાત અવિસ્મરણીય અનુભવ છે. ચોકલેટના ઉત્પાદનથી પેકીંગ સુધી તબક્કાવાર નિદર્શન જોવા મળ્યું. દરેક પ્રવાસીએ તૈયાર માવાને ચોકલેટના બીબામાં ઢાળી જાતે ચોકલેટ બનાવ્યાની મજા માણી. ચોકલેટનો ગરમ ગરમ પલ્પ-માવો ચાખવા મળ્યો. એક નાના સભાખંડમાં વિશાળ પડદા પર ફેકટરીના પ્રારંભથી ચોકટેલના ઉત્પાદનની પ્રક્રિયાનું વિડિયોદર્શન કર્યું. વિદાયવેળાએ દરેક પ્રવાસીને પોતે બનાવેલી ચોકટેલની સાથે વધારાનું ગિફટ બોક્ષ અને છોગામાં ત્રણ-ચાર ચોકલેટ ખાવા મળી.

૫૦-૫૫ ના ગ્રુપ સાથે અમારો પ્રવાસ ચાલે છે. આપણા દેશના પ્રતિનિધિઓ તરીકે આપણે સૌ વિદેશમાં આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને સ્વભાવનું પ્રદર્શન કરીએ છે. કેટલાક પ્રવાસીઓ સાથી મુસાફરોનો વિચાર કર્યા વગર મળી તે ચીજો હોટલમાંથી અંકે કરી લે છે. નાસ્તા માટે મૂકેલા ફળ-ફળાદિ વ્યંજનો પોતાની સાથે બેગ કે થેલામાં ભરી લઈ જાય છે! સાફસૂથરા માર્ગો ક્યારેક 'ગાર્બેજ' ફેંકી ગંદા કરીએ છે. આ રીતે આપણા દેશની વરવી છાપ વિદેશમાં છોડી જઈએ છે. અલબત્ત આવા પ્રવાસીઓની ટકાવારી ઓછી હોય છે. આપણે કાંઈ બોલી ન શકીએ, પણ શરમથી માથું ઝૂકી જાય છે.

બપોરનું કેરેવાન ભોજન, મનોરમ્ય સ્થળે, કુદરતના સાંન્ધયે જંગલમાં મંગલની મજા માણતાં લીધું. નજીકમાં જ રહાઈન નદી વહી રહી છે. ચારેબાજુ ગાઢ વનરાજી છે. એક 'કીચન કેરેવાન'માં વિવિધ વાનગીઓ સજાવીને રાખી છે. ભૂખ વિના ખાવાનું મન થઈ જાય અવું શાંત વાતાવરણ છે. પ્રવાસમાં આવા બીજાં કેરેવાન ભોજન મળવાનાં છે.

ભોજન બાદ જ્યુરિચ સરોવર-લિમ્બાર લેકનો સુંદર નજારો જોવા મળ્યો. નાખી નજર ના પહોંચે એવા વિશાળ સરોવરની પાળે એક યુગલ એકબીજામાં સંલગ્ન બેઠું છે. આસપાસની દુનિયા કે પ્રવાસીઓનું એમના મનમાં કોઈ અસ્તિત્વ નથી. અહીં આ વર્ષના - ૨૦૦૫ના ઉનાળામાં 'ટેડીબેર ફેસ્ટીવલ'ઉજવવામાં આવ્યો. થોડા થોડા અંતરે સરસ મજાના 'ટેડીબેર'ના રંગબેરંગી પૂતળાં જોવા મળ્યાં. નવ મીટરના વ્યાસવાળુ, યુરોપનું સૌથી મોટું ઘડિયાળ-કલોક ટાવર-ટુરિસ્ટરો માટેનું અજબ આકર્ષણ છે. મેઈન સ્ટ્રીટમાં લટાર, સિટી સેન્ટર, વાતાનુકૂલિત ટ્રામ્સ અને નાનકડી ટ્રેઈન જોતા જોતા અમારો એક કલાકનો નિર્ધારિત સમય પૂરો થઈ ગયો.

માઉન્ટ ટીટલીસની વૈકલ્પિક ટૂર આજના દિવસનું મુખ્ય આકર્ષણ છે. ૧૦,૦૦૦ ફૂટની ઉંચાઈએ બરફાચ્છાદિત શિખર પર જવા ત્રણ જુદી જુદી કેબલ કારનો-ટિટલિસ રોટર્સ ઉપયોગ કરવો પડયો. ઉપર જતી વખતે આસપાસની હરિયાળી, ખીણો, તેમાં નાનાં નાનાં સરોવરો, આપણી અગલબગલ ઝળુંબતા વાદળોનું મનોહારી દૃશ્ય મંત્રમુગ્ધ કરી દે છે. એકદમ ટોચ પર પહોંચતા જ કેબલ કારનો સ્વયંસંચાલિત દરવાજો ખુલતાં જ આપણે બરફના મહાસાગરમાં પ્રવેશ કરીએ છે. ચારે બાજુ બરફ..બરફ..બરફ કુદરતે આખાયે પર્વત શિખરની ગિરિમાળાનેસફેદ સાળુ ઓઢાડી દીધો છે. સુર્યકિરણોની પરાવર્તિત પ્રકાશથી આપણી આંખો મીંચાઈ જાય છે. ૫ ડીગ્રી સેન્ટીગ્રેડના હાડ વિંધી નાખતા પરિસરમાં દાખલ થઈએ છે. આ બરફિલુ સૌન્દર્ય દિલ-દિમાગને તરબતર કરી મૂકે છે. કેબલ કારની નંબર- ૭૩ ટ્રોલી પર આપણા રાષ્ટ્રધ્વજનું ચિહ્ન જોવા મળે છે.

ટીટલીસ પર સ્ત્રી-પુરૂષના લાકડાના હથોડા, અલ્પાઈનની રમત, નાના ટટ્ટુઓ, ઘેટાં, કૂતરા, દૂધ પાતી ગાય વગેરેનું પ્રવાસીઓ માટે વધારાનું આકર્ષણ છે. ટોબોગન રન પર સરકવાનો આનંદ માણવા જેવો. પ્રીટી ઝોટા નામની ૫૨ વર્ષીય મહિલા નૃત્ય-સંગીતનું કેન્દ્ર ચલાવે છે. સાથી પ્રવાસીઓ ડીસ્કો ડાન્સ અને સંગીતના તાલે ઝૂમી રહ્યા હતા. આ બધી મજાથી અલિપ્ત સૌનો સામાન સાચવતો હું એક બાજુ બેસી આ તાલ જોઈ રહ્યો છું. ખબર નહી, એકાએક પ્રીટી ઝોટા મારી પાસે આવી, હાથ પકડી મનોરંજનની મહેફિલમાં સામેલ કરવા મારી સાથે નૃત્ય કરવા લાગી. પોતાના સ્નેહભર્યા ચુંબનોથી ભીંજવી નાખ્યો. એકાદ પેગ વિનામૂલ્ય વાઈનની ખાતર બરદાસ્ત કરી. ભોજનકક્ષ સુધી રેસ્ટોરંટમાં અને વિદાય સુધી મારો સાથ નિભાવ્યો. કદાચ એને લાગ્યું હશે કે અહીં સુધી આવીને આ વયસ્ક વ્યક્તિ આજનો આનંદ લીધા વગર પાછો કેમ જઈ શકે?

'આઈસ ફલોયર'ની દસ મિનિટની સફર એટલે ચારે બાજુ ફેલાયેલી ગિરિકંદરાઓ, નીચે ખીણ પ્રદેશ, દૂર દૃષ્ટિગોચર થતા બે સરોવર. ઉપર ભૂરા સ્વચ્છ આકાશનાકેન્વાસ પર ઈશ્વર નામના ચિતારાએ અહીં-તહીં કરેલા, સફેદ વાદળોના લસરકા કુદરતના કરિશ્માનો અનુભવ કરાવે છે. ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ અવકાશમાં સરકવાનો આનંદ અવર્ણનીય છે.

કવિ મકરંદ દવે યાદ આવે છે

***'અવકાશમાં હું ભરૂં પગલું***
***નીચે હરિવરનો હાથ'***

જીવનની ઉત્તરાવસ્થામાં આવા રોમાંચક યુરોપ પ્રવાસની યાદ, ભલે કહેવાતું હોય કે પરલોકના પ્રવાસી પોતાની સાથે કશું જ લઈ નથી શકતા. મને લાગે છે આ સ્મરણ મારા ચિદાકાશમાં સદાકાળ સચવાયેલુ રહેશે. પુર્નજન્મની વાતમાં મને વિશ્વાસ નથી, પણ ફરી જન્મવાનું થાય તો આ પૃથ્વીપટે પાછો આવું ત્યારે આ મધુર સ્મૃતિઓ મારી સાથે જ રહેશે.

ટીટલીઝ રેસ્ટોરોમાં ભોજન માટે પ્રવેશ કરીએ છે ત્યારે, કોઈ વિદેશી નામે 'મિગલ' આપણું સ્વાગત કરતો ગુજરાતીમાં પૂછે છે કેમ છો? એ સમયે કેટલુ સારું લાગે છે? અમારા સહપ્રવાસી વાસંતીબેને બહુ સરસ વાત કરી 'કુદરતી સૌન્દર્ય જોવાથી પણ એક નશો ચડે છે.' અહીં અમને તાઈવાનની સુંદરીઓ, તિબેટ-ચાઈના અને દુનિયાના અન્ય દેશોના પ્રવાસીઓનો ભેટો થાય છે.

માઉન્ટ ટીટલીસથી પાછા ફરતાં લ્યુસર્ન સરોવરમાં ક્રૂઝની સફર અને રાત્રિ ભોજન. રસ્તામાં ફ્રેન્ચ ક્રાન્તિમાં માર્યા ગયેલા સ્વીસ રક્ષકોની સ્મૃતિમાં ચુનાના પથ્થરમાં કંડારેલું રોતી સૂરતવાળા સિંહનું

શિલ્પ જોવા મળ્યું. રાત્રિનિવાસ હોટલ ટેરેસમાં.

**૯ જૂન** - માઉન્ટ ટીટલીસની સફર પછી આજે ૧૧,૧૩૩ ફૂટની ઊંચાઈ પર આવેલા 'યુંગ ફ્રો યોક' યુરોપના સૌથી ઊંચા રેલ્વે સ્ટેશને જવાનું છે. માર્ગમાં લેકબ્રિયન અને લેકલુંગા બે સરોવર જોવા મળ્યાં. હવામાન ખૂબ જ અનુકૂળ. હૂંફાળો તડકો, ઝળહળ સૂર્યપ્રકાશ. લીલો સાળુ ઓઢી ઉભેલાં ગિરિશિખરો પાછળથી સવિતાનારાયણ નીચે ખીણમાં ડોકિયું કરી રહ્યા છે, પૃથ્વી પરની ઈશ્વરીય લીલા નિરખવા.

આ પ્રદેશના ખેડૂતોના મકાનો, વ્યક્તિગત ટ્રેક્ટર્સ, હેલીકોપ્ટર્સ વગેરે જોતાં એમના ઐશ્વર્યનો ખ્યાલ આવે છે. પહાડો પરથી પડતાં નાના નાના ધોધ અને મોટા મોટા ખેતરોની જોડાજોડ નાના ઉદ્યોગો જોતાં અમારી સફર જારી છે. પહાડોની છાતી ચીરી બનાવેલી ટનલોમાંની એક ખૂબ લાંબી ટનલમાંથી બસને પસાર થતાં આશરે દસ મિનિટ લાગી. ઈન્ટરલેકન શહેર ઉપર નિર્દિષ્ટ બે સરોવરની વચ્ચે આવેલું છે.

યુરોપમાં અત્યાર સુધી ફર્યા ત્યાં બધે કાચની બારીઓ અને કેટલાક ગેલેરીવાળાં, નાની ડોકાબારીઓવાળાં પેટીપેક મકાનો જોવા મળ્યાં. બાંધકામમાં મુખ્યત્વે લાકડાનો ઉપયોગ થયો છે. આપણા શહેરો, કસ્બાઓની જેમ કોઈ મકાનોમાં બહાર સુકાતા વસ્ત્રો જોવા મળ્યા નથી. રસ્તાનું સમારકામ ચાલતું હોય, વી.આઈ.પી.ઓની અવરજવર વેળાએ, લંડનમાં રાણીના મહેલ અને પાર્લામેન્ટ હાઉસ પાસે પણ સામાન્ય પ્રજાજનોની ચહલ પહલ વિના અવરોધ ચાલુ હોય છે. અલ્પાઈન ગાર્ડનના એક નાનકડા ગામ પાસેથી અમે પસાર થઈ રહ્યા છીએ. મોટા ભાગના મકાનો રંગબેરંગી ફૂલોથી સુશોભિત છે. બાલ્કનીમાં વ્યવસ્થિત ઉગાડેલા ફૂલોથી મકાનોની સુંદરતા નિખરી ઊઠે છે. બે કલાકની મુસાફરી બાદ ટ્રેઈનમાં જુંગ ફ્રો યોક જઈએ છે. આ ટ્રેઈનમાં સામાન્ય પ્રકારના 'કોક વ્હીલ' હોય છે, જે ચેઈનથી લોક થઈ જાય.

યુરોપના સૌથી ઉંચા રેલ્વે સ્ટેશને પહોંચવા ખૂબસુરત 'રેડ કોગ વ્હીલ' ટ્રેઈનની મુસાફરી અલૌકિક આનંદ આપે છે. બંધ ડબ્બાઓમાંથી આજુબાજુ ફેલાયેલા પહાડો, ઊંડી ખીણો અને કુદરતી સૌંદર્યની રસલ્હાણ માણતા અમે જઈ રહ્યા છીએ. બે જગાએ ગાડી બદલી અમે મુકામે પહોંચ્યા ત્યારે મનમાં ચલચિત્રનું સદાબહાર ગીત રટી રહ્યો છું.

***'સુહાના સફર ઔર યે મૌસમ હઁસી***
***હમે ડર હૈ હમ ખો ન જાયેં કહી'***

'બોલીવુડ'ના મોટાભાગના ચલચિત્રોમાં આવતાં બરફીલા પહાડોના દૃશ્યોનું અહીં શૂટીંગ થાય છે. આઈસગ્રોટા-બરફની ગુફા, રાજાનો મહેલ, વિશાળ ખુલ્લો બર્ફીલો વિસ્તાર, અહીં કાયમ બરફ છવાયેલો રહે છે. ખૂબ જ ઊંચાઈએ હોવાથી ઓક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે. દોડાદોડી કે વાતો કરવાથી બચવું જોઈએ. શ્વાસોચ્છવાસની તકલીફ થાય તો ડૉકટરની સુવિધા હાજર છે. જેનો અમને અનુભવ થયો.

આ સ્થળે અને માઉન્ટ ટિટિલીસ પર અમારાં સહપ્રવાસી સ્મિતાબેનને શ્વાસોચ્છવાસની તકલીફ થવાથી બધા મિત્રોના જીવ અધ્ધર થઈ ગયા. સદનસીબે ડૉકટરની સમયસર સારવારથી એમની તકલીફમાં રાહત થઈ ગઈ. આટલુ પૂરતું ન હોય તેમ ડૉકટરે નીચે સુધી મૂકવા આવી દર્દીની સારસંભાળ લીધી. અમારા માટે એક વરવો દુઃખદ પણ આશ્ચર્યપ્રેરક અનુભવ રહ્યો.

અમે જે ગાડીમાં મુસાફરી કરી તેમાં દરેક ડબ્બાની ચાર બેઠકો વચ્ચે બે -બે હીટર્સ ગાડીના વાતાવરણને હૂંફાળુ રાખે છે. કાચની બારીઓ નીચે નાનાં સ્ટીલનાં 'ડસ્ટબીન'ની વ્યવસ્થા છે. આઈગરવાન સ્ટેશને ગાડીનું પાંચ મિનિટનું રોકાણ, મુસાફરોને હળવા થવા માટે.

પૂર્વ દિશામાં ખીણનું મનોહારી દૃશ્ય ધૂંધળા વાતવારણને લીધે ચૂકાઈ ગયું. ઊંચુ ચડાણ લેતી ધીરી ગતિએ ચાલતી ગાડીનો થતો અવાજ ટનલની દિવાલો સાથે અથડાઈ પ્રતિધ્વનિત થઈ રહ્યો છે. બે કલાકની સફર બાદ અમે યુરોપના આ ઊંચામાં ઊંચા રેલ્વે સ્ટેશને પહોંચી રેસ્ટોરમાં બપોરનું ભોજન લીધું. ઠંડીથી બચવા ગંજી ઉપર ગંજી, બે વૂલન કોટ, સ્વેટર આમ કપડાંનો ગંજ ખડકી દીધો છે શરીર પર.

સૌન્દર્યધામ સ્વીટઝલેન્ડની સફર કરી રહ્યો છું તે વેળાએ જીવનની વાટે મળેલા કેટલાક અંતરંગ મિત્રો, સ્વજનો, સ્નેહીઓ અને સાથી કાર્યકરોનું સ્મરણ ખૂબ સ્વાભાવિક સહજ રીતે થઈ આવે છે. આ યાત્રામાં તેઓ માનસિક રીતે અમારી સાથે જ જોડાયેલા છે.

આલ્પસનાં ગિરિશિખરો અને પર્વતમાળાને જોઈ જે સંવેદના જાગી તે આ કાવ્યપંક્તિઓમાં

***સલામ આલ્પ્સ સલામ***
***તારા વિપુલ વૈભવને સલામ, તારા સૌંદર્યને***
***તારી હરિયાળી વાદીઓને***
***ધૂંધભરી ખીણો, બરફીલાં શિખરોને***
***તારા પર ઝળુંબતાં વાદળોને***
***તારા પેટાળને ચીરી ચાલતી ટ્રેઈનને***
***તારી શ્યામ - શ્વેત સુંદરતાને સલામ,***
***આલ્પ્સ તને સલામ***

'ટોપ ઓફ ધી હીલ' પર્વતના સૌથી ઊંચા શિખર પર 'બોલીવુડ' રેસ્ટોરામાં અમિતાભ, ઐશ્વર્યા, શાહરૂખ અમારું સ્વાગત કરવા હાજર હતાં. 'પોસ્ટરમાં'

***(ક્રમશઃ)***

# કરી જુઓ તો ખરા

**વેર વેરીઓના યાદ બહુ,રાખ્યા સારી રીતે**
**ભુલવામાં શું છે? ભૂલી જાઓ તો ખરા.**
**દોષ નાનકડો એક કોઈ, શિક્ષા કરવાની છોડો**
**સહન કરવામાં શું છે? સહન કરી જુઓ તો ખરા.**
**ક્રોધ કરી પોતે તપ્યા, ખૂબ બીજાને તપાવ્યા**
**શાંતિમાં શું છે? શાંતિ રાખી જુઓ તો ખરા.**
**બીજા ને ઉપદેશ દેવામાં લાંબી જીભ ઘસી નાખી.**
**મૌન માં શુંછે? મૌન રાખી જુઓ તો ખરા.**
**ન્યાય બીજાઓના કીધા, ગુન્હા દેખાડી દેખાડી**
**ક્ષમા માં શું છે? ક્ષમા કરી જુઓ તો ખરા.**
**જાત જાતના ભોજન, જમ્યા બનાવી બનાવી**
**જમાડવામાં શું છે? જમાડી જુઓ તો ખરા.**
**ભલુ પોતાનું કેમ કરવું, જન્મ્યા ત્યારથી એ તો જાણ્યુ**
**પાર પોતાના જેવુ પારકુ જાણી જુઓ તો ખરા.**

***રૂપલ રજનીકાંત પરીખ (કુણીવાળા, કાંદીવલી)***

ઠાકોરજી ઠાકોરજી કરતાં ચાલ્યા ગયા,
ઠાકોરજી પાસે
એમનો વ્રજમાં વાસ થાશે,
એમને યમુનાપાન થાશે ઠાકોરજીની સંગે,
ઠાકોરજી ઠાકોરજી
શ્રીજીની સેવા કરવા, મહારાણી માની,
ઝારી ભરવા, વલ્લભના ગુણ ગાવા,
ઠાકોરજી ઠાકોરજી
દીવાળીમાં અન્નકુટનો ભોગ ધરતા,
સંગા સબંધીનેબોલાવતા, પ્રસાદ લેવડાવતા,
ઠાકોરજી ઠાકોરજી

***દક્ષેશ દેસાઈ***

## વાડાસિનોરના વર્તમાન...

- નિશાળ ચોકમાં આવેલ પ્રાથમિક કન્યા શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના મુખ્ય શિક્ષક મંજુલાબહેન ભટ્ટે માર્ગદર્શન આપ્યું.
- કરિયાણા મર્ચન્ટ્સ એસોસીએશન દ્વારા બાલાસિનોરના અગ્રગણ્ય નાગરિકોનું બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે નગરપાલિકાના વરાયેલા પ્રમુખ શ્રી સુભાષ પટેલે નગરના વિવિધ પ્રશ્નો અંગે પગલાં લેવા આશ્વાસન આપ્યું. અધ્યક્ષસ્થાને રાજેશભાઈ પાઠક ધારાસભ્ય હતા.
- નગરની પાણી પુરવઠાની સમસ્યા બે સપ્તાહમાં હલ કરવા અંગે બાંહેધરી આપવામાં આવી. (૨૫.૯.૦૫ ના સમાચાર મુજબ.)
- જૈન ધર્મના મોટામાં મોટા પર્યુષણ પર્વની ઉજવણી ઉત્સાહ ઉમંગના વાતાવરણમાં સંપન્ન થઈ.
- કૉલેજ કેમ્પસમાં ચંપારણ્ય ઉદ્યાનનું ઉદ્‌ઘાટન તથા તેજસ્વી તારલાઓનું બહુમાન કરવામાં આવ્યું. અધ્યક્ષ શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ દ્વારા દિપ પ્રગટાવી ઉદ્યાનને ખુલ્લો મુકવામાં આવ્યો.
- ગુમાસ્તા ધારાનો ભંગ કરી સોમવારેપણ દુકાનો ખુલ્લી રાખવા માટે ૭ વેપારીઓ સામે દંડાત્મક પગલા લેવામાં આવ્યા.
- તા. ૯ થી ૧૫ સપ્ટેબર ૨૦૦૫ ના દિવસો દરમ્યાન જેસીસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેનું ઉદ્‌ઘાટન બ્ર.કુ. વર્ષાબહેનના હસ્તે પી.વી. વિદ્યાલયમાં થયું હતું.
- જેઠોલીમાં વિશ્વ હૃદય કેમ્પ (વર્લ્ડ હાર્ટ કેમ્પ) જેસીસ ક્લબ બાલાસિનોરના સહયોગથી ગ્રામ પંચાયત ભવનમાં યોજવામાંઆવ્યો હતો. ૧૭૮ જેટલા દર્દીઓની તપાસ તથા ઈએસજીની સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી. આ સિવાય ગણિત-વિજ્ઞાન પ્રદર્શન એલ.કે.આર. પટેલ હાઈસ્કૂલના પરિસરમાં યોજાઈ ગયું. રાજેશભાઈ પાઠકે ઉદ્‌ઘાટન કર્યું.
- બાલાસિનોરમાં સીઝનનો કુલ વરસાદ ૧૩૨૪ મી.મી. થયો છે. સુદર્શન તળાવ ઘણા સમય બાદ ચારેય કાંઠે ભરપૂર થઈ ગયું છે.
- રાજય કક્ષાની બોલીબોલ ટીમમાં શારદા મંદિર, મેનપુરાના વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. શાળામાં સાક્ષરતા દિનની ઉજવણી કરવામાં આવી.
- થર્મલ પાવર સ્ટેશનમાં મફત આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વૈદ્યરાજ કિરીટભાઈ ઉપાધ્યાય માનદ્ સેવા આપશે.
- બાલાસિનોરની પોલીસ અને એસ.ટી. ટીમ દ્વારા ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરતા બાવીસ વાહનો જપ્ત કરવામાં આવ્યા. ૧૩ વાહન ચાલકોને ઈ.પી.કો.૧૯૯ કલમ મુજબ જયુડીસીયલ કસ્ટડીમાં ધકેલી દીધા હતા.
- ગુજરાત યુનિવર્સિટી આયોજીત દક્ષિણ વિભાગ ઝોન-૨ના યુવક મહોત્સવમાં વીરપુર કૉલેજ અગ્રેસર રહી. વિવિધ સ્પર્ધાઓમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ત્રણ ઉત્તમની કક્ષામાં સ્થાન મેળવ્યું.
- એસ.ટી. તંત્ર દ્વારા વિશ્વપ્રસિધ્ધ રૈયોલીની બે બસો બંધ કરવામાં આવતાં વિદ્યાર્થીઓ તથા પ્રવાસીઓની મુશ્કેલી વધી ગઈ છે.
- તાલુકાનો ૩૮ મો યુવા મહોત્સવ પાંડવા મુકામે યોજાઈ ગયો. ૨૪ જેટલી શાળાઓ તેમજ બે મહાશાળાઓના મળી કુલ ૨૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જાણીતા સાહિત્ય સર્જક શ્રી પુષ્કરભાઈ પરમારે અતિથિ વિશેષ પદેથી આવો મહોત્સવ યોજવા બદલ આનંદ વ્યક્ત કર્યો.
- સુદર્શન તળાવમાં નૌકાવિહાર અને કેન્ટીનની મજા માણવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. જિલ્લાનું પ્રથમ બોટીંગ સ્થળ દશેરાના દિવસથી

કાર્યરત થયું છે.

- નગરના મોચીવાડામાં છેલ્લા કેટલાક સમયથી શાકભાજીવાળાઓ અડ્ડો જમાવી બેસતા હોવાથી રોજરોજ ઝગડા જેવી સ્થિતિ સર્જાય છે. નગરપાલિકાએ નાગરિકોના હિતમાં આવશ્યક કારવાઈ કરવાની જરૂર છે.
- કેળવણી મંડળ સંચાલિત, ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શરદોત્સવની વિવિધ રમતોમાં તેજસ્વી દેખાવ કરી શાખાને ગૌરવ અપાવ્યું છે.
- પી.વી. વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ પણ સદર શરદોત્સવમાં વિવિધ રમતો સ્પર્ધામાં પોતાના તેજસ્વી દેખાવ દ્વારા પ્રથમ બીજા સ્થાન મેળવી શાળાને ગૌરવાન્વિત કરી છે.
- પાંડવા પોલીસ સ્ટેશનના ક્વાર્ટર્સ માટે રૂપિયા બાર લાખની ફાળવણી થઈ છે.
- બાલાસિનોરની તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા યોજવામાં આવેલ ૫૮૯ મી લોક અદાલતમાં ૬૧૧ કેસોમાંથી ૨૪૪ માં સમાધાનથયું છે. અને રૂા.૨,૬૭,૦૦૦/- ની રોકડ વસુલાત થઈ છે. આમાં બેન્ક ઓફ બરોડાની બાલાસિનોર સહિત સાત શાખાઓના કેસોનો સમાવેશ હતો.
- વડદલામાં નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાઈ ગયો. લાયન્સ ક્લબના ઉપક્રમે યોજાયેલ કેમ્પ વડદલાની પ્રાથમિક શાખામાં રાખવામાં આવ્યો હતો.
- બાલાસિનોર કૉલેજના હોલના ખેડા જિલ્લા ડી.એસ.પી. શ્રી ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને લોકદરબાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નગરના અને વિસ્તારમાં પોલીસતંત્રના પ્રશ્નો મોકલાવી રજૂ કરવા તેઓશ્રીએ સૌને અપીલ કરી હતી.
- નગરપાલીકાએ ભાડે આપેલ દુકાનોના ભાડાં અને વિવિધ વેરાઓની વસુલાત માટે હાથ ધરેલી ઝુંબેશમાં રૂા.૨,૫૭,૦૦૦/- ના વેરાની તથા રૂા.૧,૧૫,૦૦૦/- ના ભાડાંની વસુલાત કરી છે. આ કામગીરી તહેવારો બાદ પણ ચાલુ રહેશે.
- કૉલેજ રોડ પર બિયારણ ફાર્મ સામે 'ગટર ગંગા'નું અવતરણ થયું છે. આઈ.ટી.આઈના ૭૦૦ અને કૉલેજના ૨૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ અન્ય રાહદારી પ્રવાસીઓ સામે આરોગ્યનો ખતરો ઉભો થયો છે.
- ઉજ્જડ થઈ ગયેલા વિરપુર રોડ પર જયાં એક કાખે ભરપુર વનશ્રી હતી, જંગલ ખાતાએ ૨૦ ફૂટના અંતરે સુંદર પ્લાન બનાવી વૃક્ષારોપણ કર્યું છે. પર્યાવરણની આવી કાળજી બદલ જંગલખાતાને તથા તેના અધિકારી શ્રી પરમારને ધન્યવાદ.

***('ઈશારો'માંથી સંકલિત: સપ્ટે. - ઑક્ટો.)***

## બાલાસિનોર ખાતે ધાર્મિક પ્રવચનનું આયોજન

સંવત ૨૦૬૨ ના ફાગણ સુદી ૧ મંગળવાર તા. ૨૮.૨.૨૦૦૬ થી ફાગણ સુદી ૫ શનિવાર તા. ૪.૩.૨૦૦૬ સુધી પુષ્ટી માર્ગના સિધ્ધાંત ઉપર દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસ પીઠ ઉપર શ્રી જગદીશભાઈ શાસ્ત્રીજી (ખંભાતવાલા) બીરાજશે તો સૌ બાલાસિનોર વાસીઓને આમાં લાભ લેવા વિનંતી છે.

કથાનું સ્થળ: હોળી ચકલો

કથાનો સમય: બપોરે ૩ થી ૬

***લી. બાલાસિનોર વૈષ્ણવ સમાજ***

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ પ્રતિવર્ષ ત્રણ મોટા ઉત્સવો ખૂબ ધામધૂમથી ઉજવે છે. (૧) શ્રી મહાઓચ્છવ (૨) શ્રી ફગવા ઉત્સવ તથા (૩) ધાર્મિક પ્રવચન.

આ ત્રણે ઉત્સવના ખર્ચને પહોંચી વળવા માટે પાંચ વર્ષ માટેના મનોરથી બનવાની હેલ જ્યોતિપુંજમાં નાંખવામાં આવી હતી. જેનો સુંદર પ્રતિસાદ મળ્યો અને શ્રી મહાઓચ્છવના પાંચ વર્ષ માટેના તેમજ પ્રવચન માટે છ વર્ષ માટેના તેમજ શ્રી ફગવા ઉત્સવના એક વર્ષ માટેના મનોરથીઓ બની ગયા હતા. ફગવાના ચાર વર્ષના મનોરથી કરવાના બાકી છે.

ચાલુ વર્ષ સં. ૨૦૦૬માં શ્રી ફગવા ઉત્સવના મનોરથી બનવા માટેની ઓફર શ્રીયુત રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરવાળા)ની આવી જેનો સ્વીકાર કરવામાં આવ્યો. જેથી ચાલુ વરસે તા. ૨૫.૨.૨૦૦૬ મહા વદ ૧૨ શનિવારના દિવસ લાડની વાડીમાં જે ફગવા ઉત્સવ ઉજવવામાં આવશે. તેના મનોરથી શ્રી રમેશભાઈ દેસાઈને આવકારું છું અને ધન્યવાદ આપું છું.

તે દિવસ વરઘોડાનો સમય પ્રસાદ લેવાનો કાર્યક્રમની જાહેરાત આવતા અંકમાં કરવામાં આવશે.

બાલાસિનોરના સખી દાતાઓને જાણ કરવાની કે બાકીના ત્રણ-ચાર વર્ષ માટેના ફગવા ઉત્સવના મનોરથી બનાવવાના બાકી છે. તો જે વૈષ્ણવોને મનોરથી બનવુ હોય તેઓ નવનીતભાઈ સરકારનો સંપર્ક સાધે.

(૨) 'કીર્તનનો કંકારવ' નામે પુસ્તકના મનોરથી તરીકે જે વૈષ્ણવોએ પોતના નામ લખાવ્યાં છે તેઓને વિનંતિ કે દરેક રૂા. ૧૦૦૦૦/- દસ હજાર રૂપીયા પુરા નવનીતભાઈ સરકારને મોકલી આપે.

સર્વના સાથ-સહકાર બદલ ધન્યવાદ.

*- નવનીતલાલ સી. પરીખ (સરકાર) - મંત્રી*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉમંરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર,પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**વધુ વિગત માટે સંપર્ક કરો.**

**મંજુલ શૈલેષ ધારીઆ**

**ફોન:** ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧

૯૮૨૦૧૩૫૦૧૪

## INDOOR GAMES

**The prizes to the winners of Indoor Games will be distributed on the date of A.G.M. during the meeting.**

***Convenier : Ajit N. Modi***

***Mantree : Pradip kadakia***



*શ્રી ગોકુલેશો જયંતિ* **૧૧ મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ


# ફગવા ઉત્સવ

શ્રી ઠાકોરજીની અસીમકૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૬૨ ના મહા વદ-૧૩ ને ર**વિવાર, તા. ૨૬.૨.૦૬** ના રોજ સ્વીમીંગ પુલ, એમ.જી.ક્રોસ રોડ નં.૨, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ પ્રસાદ લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**



## ઉત્સવના મનોરથી

## પ્રવિણભાઈ ચીમનલાલ કડકીઆ (ફાડીયા)



## શોભાયાત્રા

મનોરથીના નિવાસસ્થાન ૫૦૬-બી, જીવન સૌખ્ય, એમ.જી.રોડ નં. ૩, સ્વીમીંગ પુલની પાછળ, બી.એમ.સી. ઓફીસની પાછળ, કાંદીવલી (વે), મુંબઈ - ૬૭. ફોનઃ ૨૮૦૭ ૯૧૬૭ સવારે ૯.૦૦ કલાકે સમાજ બેસશે તેમજ કળશનો વરઘોડો તેમના નિવાસ સ્થાનેથી સવારના ૧૦.૩૦ કલાકે નીકળીને સ્વીમીંગ પુલ, એમ.જી.રોડ ખાતે આવશે.

લી. દેવાંગભાઈ ☞ શીતલભાઈ કડકીઆ
(ફાડીયા) ના જે જે શ્રી ગોકુલેશ

## ખેલના દર્શન

બપોરના ૧.૩૦ કલાકે સ્વીમીંગ પુલ ખાતે શ્રી ઠાકોરજીના ખેલના દર્શન થશે. શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસિયા ગવાશે. તો દરેક વૈષ્ણવોને ઉપરના દરેક પ્રસંગે ઉપસ્થિત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે.

**લી.**
**કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના**
**જે જે શ્રી ગોકુલેશ**

# હાસ્યની હળવી પળોમાં છુપાયું છે એક સનાતન સત્ય

ઉષા એસ. ધારીયા

શ્રીકૃષ્ણ અને શ્રી મહાપ્રભુજી પરમ બ્રહ્માંડના અધિપતિ અને એમનો સંદેશ! આ છે આપણાને મળેલી અલૌકિક અમુલ્ય ભેટ અને એ છે ગીતાનો સંદેશ અને અષ્ટાક્ષર મંત્ર એટલે 'શ્રી કૃષ્ણ શરણં મમ્' એ જાપ અને કર્મને આપણા જીવનનું ધ્યેય બનાવવાનું છે અને એ જ તો સૌ કરતાં જ હોય છે અને છતાંય ક્યારેક પ્રભુજીની અદભૂત લીલાનું દર્શન થાય છે, તો ક્યારેક તેની તાંડવ લીલાનું દર્શન થાય છે અને એ જ તો આપણે નજીકના ગત સમયમાં અનુભવ્યું, ભૂકંપ, સુનામી, અતિવર્ષાનું તાંડવ અને પહેલો ભૂકંપ આ બધામાં જે માનવસંહાર થયો છે એ આપણા માનવ હૃદયમાં પણ ભૂકંપ લાવી દે એવો પ્રલયંકારી હતો અને આ માત્ર એક દેશ પુરતુ મર્યાદિત નથી, પણ આખી પૃથ્વી પરના દેશોનું અવિસ્મરણીય તાંડવ હતું. હવે પ્રશ્ન એક એવો ઉઠે છે કે પ્રભુની અદભુત લીલાનાય દર્શન થતાં હોય છે અને એક ઔર પ્રહરણીય તાંડવનો અને આજ તો નિયતીનો ક્રમ છે 'નામ છે એનો નાશ છે જ' અને તે ઈશ્વર પોતના પાંચ તત્ત્વ દ્વારા કરે છે અને માનવીના કર્મનો હિસાબ તોળાય છે. એ તો નક્કી જ છે અને આ પાપકર્મ સંચિત પણ હોઈ શકે છે નહી તો નિર્દોષ બાળકો ન ધરબાતા હોત. આ પાપનું આચરણ શાને ? શું લઈ જવાનું છે ? દૂધના એક ગ્લાસમાં બે ચમચા સાકર નાંખો, દૂધ મીઠું થશે. ન રૂપ રંગ બદલાશે, બદલાશે તો સ્વાદ. અને એક ગ્લાસ દૂધમાં ફક્ત એક જ ટીપું ઝેર પડી જાય તો ? રંગ રૂપ બદલાય કે નહિ એ બાજુ પર. પીનારનું જીવન જરૂરથી અંત પામશે, એટલે કે પાપનો રંગ લોહીયાળ હોય છે. પાપનો રંગ દેખાતો નથી ફક્ત માણી શકાય છે અને આ લોહીયાળ રંગ જોઈ માનવમાં અનુકંપા જાગે, દિલમાં દયા જાગે એવો ભાવ સહજ જ હોવો જ જોઈએ. પાપ નાનું હોય મોટું હોય એનો દંડ પામ ફક્ત ઈશ્વર પાસે જ છે. પાપની કોઈ વ્યાખ્યા નથી હોતી, જાણે અજાણે પાપ આચરાઈ જાય છે. એમાંથી હું કે તમે કોઈ બાકાત નથી રહેતા. હરકોઈને એમ જ લાગતું હોય કે મેં કોઈ દિવસ પાપ કર્યું જ નથી. મહામૂલો માનવ દેહ અને એમાંય ઉચ્ચત્તમ વૈષ્ણવ પુષ્ટિમાર્ગી, નખશીખ પૂર્ણતાના શિખરે હોઈએ એટલી સુખ સાહેબી અને કહેવાતા ચોર્યાસી લાખ ફેરાનો અંતિમ જન્મ એને હૃદયથી મહેસુસ કરો.

પંચ મહાભૂત એટલે સૂર્ય, પૃથ્વી, અન્ન, જળ, વાયુ આમાનું એક જળ તત્ત્વ પરચો બતાવી ગયું. બીજે પૃથ્વીનો પરચો મળ્યો. જળનો પરચો એટલે સુનામી અને તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિ! આ બેઉના પરચામાં માનવનો સંહાર ? જો આ પાંચેય મહાભૂતનો એક સાથે પરચો મળે તો ? અને એ વિનાશ પણ એક દિન આવશે જ આવશે ! અને એ નિશ્ચિત જ છે. ભ્રષ્ટાચાર, લાંચ રીશ્વત, ખૂના મરકી, બોંબ ધડાકા, આંતકવાદ આ સમાજના દૂષણો પરંતુ આપણે પણ એવા સમાજનું એક અંગ છીએ, કદાચિત આપણામાં આનાથી ઉતરતી કક્ષાના દૂષણોનો રંગ હલકો હલકો ચઢેલો દેખાય છે. જનમના સંસ્કાર તો આવા હોઈ જ ન શકે ? સોબત ક્યારેક રંગત લાવે છે, છાને છપને પરસ્ત્રીનો સંગ એટલે કે ઘરવાળી બહારવાળી. પૈસાથી રમાતા પાના અને એ પણ પવિત્ર મહિનામાં. હલકી કોમમાં કરાતા વિધુર લગ્ન. કંઈ દિશામાં પગરણ પાડતાં ચાલ્યા છે ? કોણ ભાઈ ? કોણ બાપ ? કોણ મોટા ? આમાન્યા તો પગ નીચે કુચલાતી જાય છે,

અને જેમ ઘાટી લોકો દેશમાંથી આવ્યા હોય પણ અજ્ઞાની હોય છે, પરંતુ આપણે તો જ્ઞાનની સામે આંખ મિચામણા કર્યા જ છે. એક દૃષ્ટાંત લઈએ કે ડ્રીંકસ પાર્ટી સરખે સરખા ફ્રેંડ સર્કલમાં જ કરવી જોઈએ અને એ પણ ફક્ત કપલમાં આને બદલે ફ્રેંડસને બાજુએ મૂકી ઘરના જ બાપ, બેટો, જમાઈ, વહુઓ, દીકરીઓ, સાથે સાસુમા પણ ઝુમતી હોય? જેમ કે અમિતાભ અને એનો બેટો 'કજરારે' સાથે કરે છે અને આ માટે નાટકોવાળાઓ પણ કોમેંટ પાસ કરતાં થયા છે. ફક્ત દૃષ્ટાંત છે. વળી વહુબેટીઓ સર્વ કરે છે. 'બર્ફ લાવ', 'સોડા લાવ' વગેરે વગેરે. ડ્રીંકસ પાર્ટી રીયલ અર્થમાં ઘરમાં કરાય જ નહી, હાયફાય સોસાયટીના પ્રેસ્ટ્રીજીયસ લોકોની આ જ રીતી હોય, હાથમાં એકાદ ગ્લાસ અને એક બે ડ્રીંકસ બસ બહુ થયું પરંતુ આપણા આગળ આપી એ ઉપમાની લાયકીવાળા લોકો બોટલની બોટલો ખાલી કરતાં જ હોય છે. અને ધારો કે તમારો ઘરમાં જ લેવાનો આગ્રહ હોય તો બંધ બેડરૂમમાં લેવું જોઈએ; ત્યારે અત્યારનું જનરેશન 'લે બેટા લેવાય, એકાદ શીપ, ટેસ્ટ કર' વગેરે વગેરે. ધીમે ધીમે મર્યાદાનું ઉલ્લંઘન અને ઘરવાળી, બહારવાળી અને એથીએ ઘણા ઘરમાં લેવાતા ડીવોર્સ. લખતાં લખ્યું છે અનો અર્થ નથી હું ઓર્થોડોક્સ છું પરંતુ કલચરલ અને હાયફાય સોસાયટીના પ્રેસ્ટીજીયસ લોકોની રીતી વર્ણાવી છે. બાલાસિનોરમાં પણ લોકો બોટલો ખોલીને બેસી જ જાય છે. જેમની ઉંમર બહુ આગળ નીકળી ગઈ હોય છે. વળી વહુ દીકરીઓના કપડાં પણ પિકચર સ્ટાઈલના થતા ચાલ્યા છે. અંગ પ્રદર્શન અને તે પણ બેન દીકરીઓનું, આખી પીઠ તો ઓપન જ હોય. પીકચરમાં તો ચલાવી લઈ, પરંતુ સુસંસ્કૃત લોકો કઈ મંઝીલે જઈ રહ્યાં છે.

મરજાદી જેવી દાદીઓના પોતાપોતીઓ ચીકન અને નોનવેજ જ પ્રીફર કરતાં થયા છે. માતાપિતા એમાં પોરસાય છે. ઘરનાં મંદીરમાં બિરાજેલા ઠાકોરજી તો આ તમાશો જોતાં હશે ને? આવી બદીનો ચિતાર આપ્યો કે કોઈક ઘરમાં ઘરનારીની ઉપેક્ષા થતી હોય છે અને એઓના આંસુ કદાચિત સુનામીના પ્રલયમાં ભળી જતાં હશે?

ઘણા પરન્યાતના લોકોએ બાલાસિનોરવાસીનો પડોશ જોઈ, રીમાર્ક પાસ કર્યો છે કે બાલાસિનોરની છોકરીઓ લેવી જ નહી, પછી તે સુસંસ્કૃત સંસ્કારી હોય, ભણેલી કે રૂપાળી, સારા ઘરની હોય, કંઈ જ નહિ, બાલાસિનોરમાં બહુ જ ખુલ્લુ બોલવાનું અને દારૂની પાર્ટીઓ આ સમસ્યા બહાર આવી રીતે તોળાય છે અને બહુ જ જાણીતા નાત અને પ્રેસ્ટીજીયસ ભાઈના આ પાડોશીનો રીપોર્ટ છે. ખરેખર શરમજનક છે. ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય. બધે થોડી ઘણી બદી ફેલાયેલી હોય પરંતુ બાલાસીનોરની નવાબશાહી પ્રજાના આ વખાણ છે.

વળી એક સમસ્યા બહુ મોટું સ્વરૂપ લઈ આકારી રહી છે. સગાઈ કરવામાં પણ છોકરીની માઓ, 'બેડરૂમ છે કે નહી?, કેટલું કમાય છે?' અને દીકરાની માઓ પોતે કદાચિત કાળા હોય તેમની બેટીઓ પણ કાળી હોય, જાડી હોય પરંતુ વહુ તો ગોરી રૂપાળી જ જોઈએ. ગોરી રૂપાળી સ્કીન ટેન્ડર હોય રેશિસ રૂઠે, આઈ સાઈડ વીક હોય? પણ તમારી દૃષ્ટિબિંદુને ભણતરની સુસંસ્કૃતિ સાથે તોલતા રહો, આમને આમ બંન્ને છોકરા છોકરીઓ ત્રીસીએ પહોંચી જાય છે. બહારની જ્ઞાતિના આગમન પછી જ કુંડલીઓ જોવાતી થઈ છે. પ્રભુ તરફની સાંચી આસ્થા ઘટી ગઈ છે. આ એક પાપ પંથે જતુ સોપાન જરૂર છે. 'પ્રભુ કરે સો ભલી કરે' કરેલા અને સંચિત કર્મ પ્રભુ તોલવાનો છે. તમે કુડંલી જુઓ તોય અને ન જુઓ તોય. સંસ્કાર, ભણતર, નમણાશ તરફ તમારું દૃષ્ટિ બિંદુ રાખો. બાકી તો પ્રભુ બધુ જ સંભાળી લેશે. નસીબમાં હોય તો પૈસો આવે અને નહી હોય તો એ યે જતો રહે. હવે આપણા સેવાભાવી વડવાઓનો ચોપડો ખોલીએ.....

બાલાસિનોરના મોટરાંઓ સેવા ભાવી, કંઈ

કેટલીય સંસ્થાઓ ચલાવતાં હતા. બાલાસીનોરમાં કોલેજ, હોસ્પીટલો, પાણીના નળ, લાઈટો, બંબો, શાળાઓ ખટપટો કરીને ગાંઠના ગોપીચંદ કરીને દેશને અણમુલી સેવા આપી ગયા છે. જ્યારે અત્યારે તો વોટિંગ કરવા માટે ધૂમ ખર્ચા કરે છે. મને ચૂંટો, આને વોટ આપો, ખરેખર તો તમે સેવક બનાવા માંગતા હોય તો તટસ્થ રીતે કામ કરતાં રહો. મણીલાલ (હોલ્લા) ધારીયા, લક્ષ્મીદાસ મોદી, નટવરભાઈ મોદી, કાંતીભાઈ (બંગડી) મોદી આવા તો કંઈ કેટલાંય મહારથીઓ દેશને ફાળે એમની અમૂલ્ય સેવા આપી ગયા છે. આજના યુવાનોએ એમના પગલે અનુસરવું જોઈએ. વિરલા હોય તો દેશમાં સેવાલીયા સુધી એકાદ બે ટ્રેનો લાવવામાં અને સેવાલિયાને સ્ટેશન બનાવી અને પ્લેટ ફોર્મ બનાવી શકે એવો પ્રયત્ન કરવો જ જોઈએ. દેશમાં જવા અને આવવામાં પ્રોબ્લેમ થઈ રહે છે. સરળતાનો રસ્તો શોધે તો ગામમાં જનારા વયોવૃદ્ધ બેનો ભાઈઓની અગવડતા નીવારી શકાય યુવા વર્ગ જરૂરથી આ સૂચનને મન ધરી આગળ પગલાં લેશે જ એવી આશા મીટ માંડી રહે છે. ગત વર્ષોની તુલના અને એવો પ્રેમ કદાચિત અત્યારે જાંજવાના જળ જેવું છે. પહેલાં તો એક કુતરું ય ગામનું ભૂખ્યું ન રહેતું, રાવળ, પૂંજાવાળા, બ્રાહ્મણો, ગાય અને ગરીબ કોમો પોસાતી હતી. લગ્ન, મરણ વગેરેની નાતોના જમણમાં બંધા જ પોષાંતા અને પામતા આગળનો સ્નેહાળ પ્રેમભાવ સૂકાઈ ગયો છે. વાડીકુવાના બે બેડાં પણ આડભીડે લાવી આપતા. ઘરની ઘંટીએ પાપડના લોટ જાતે દળીને આપી જતા. બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી એવો નિખાલસ પ્રેમભાવ હવા થઈ ગયો છે. આજે તો કોઈનો ફેરો ખાવાનો બાજુપર ઘર આંગણે કોઈનેય બોલાવવાના જ નહિ. મા મરી જાય પછી પીયેરની વાટ ફરજીયાત ભૂલી જવાની. પહેલાં તો નણંદ એટલે બુન બુન કરીને અડધાં થતાં અને નણંદનું પણ ભાભી કહેતાં મોઢું ભરાતું, જેઠની દીયરોની સરભરા માનપૂર્વક સારી રીતે કરતાં જ્યારે વેકેશનોમાં ગામમાં જાય ત્યારેય માંદે સાજે વળીતેમનાં ઘરનાંને લોજમાં જવું ન પડતું. દેશમાંથી ભણવા આવનાર છોકરાંઓ યા કામધંધે ચડવા આવે તો ઘરનાં સગાંઓને ત્યાં જ રહેતાં આમ આ પહેલાંના લોકોના માનસનો ચિતાર આપ્યો, ત્યારે ન હતા પૈસા કે નહી જગાઓ મોટી, કંઈ રીતીએ તુલના કરાય આ કોમ્પ્યુટરના જમાની આ તાસીરની. મનમાં મોટપ નહી.

કોમ્પ્યુટરના જમાનાના આ ચિતાર સાથે પાપના પ્રકિર્ણો પણ આપણા જીવનને આવરી લેતાં હોય છે. કોઈનું જ ઘર કેન્સર, હાર્ટ અટેક, ડાયાબીટીસ, બલ્ડ પ્રેશનના ઘેરાવમાંથી બચી શક્યું હશે. માયાની મોહીની સૌ કોઈને આવરી રહી છે. પાપના પ્રલયકારી થપાટામાંથી બચવાના પ્રયત્ન રૂપ પ્રભુજીને માતાપિતા, ગુરૂ, મિત્ર બનાવી તેની સાથે એકાગ્ર થાવ. પોતાના કર્મને પોતે જ તોલી લો. તમારાં પગલાં કંઈ દિશાએ ઉંચકાય છે એ જુઓ નહીં તો ઉંડી ગર્તામાં ધકેલાઈ ના પડો. દુષણોથી દૂર રહો. દુષણો તમારા જીવને કલુશીત કરે એ તમારા જીવનને પીએ એ પહેલાં જ તમારી દૃષ્ટિએ તમારા પર અંકિત કરો. તમારા બાળકોને તમારી જીવનચર્યામાંથી કંઈક અમુલ્ય વારસો આર્શીવાદ રૂપે મળે એ જ વિચારો, કેડી અને દિશા તમારી સામે જ છે. તમારી મંઝીલને સુસંસ્કૃત બનાવી તમારા જ બાળકોના આદર્શ રાહી બનો એ જ અભ્યર્થના. હાસ્યની હળવી પળો સાથે આ સનાતન સત્યને માણજો. બહારની નાતમાં ડોકા ન મારવા પડે નાતના વાડાને મજબૂત બનાવો, કારણ આજના નબીરાઓ ભણવા જતાં અમેરીકામાં સ્થાયી થાય છે અને આજની બેન બેટીઓને ભારતમાં સ્થાયી થવું ગમે છે; આ સમસ્યાથી ઘેરાયેલો સમાજ જરૂરથી વિચાર કરશે જ.......

# બાલાસિનોરના ગરીબો માટે એક અપીલ

જ્યોતીપુંજ નવેમ્બર માસના અંકમાં વેરાસાના આદિવાસી ગ્રામ્યજનો માટે એક લેખ એકવીસ મકાનો માટેનો તમોએ છાપ્યો હતો. મને જણાવતા આનંદ થાય છે કે આ એકવીસ મકાનો એક જ દાતા શ્રી પ્રવીણભાઈ કોદરલાલ શાહ (પી.કે.)એ આપવા માટે વચન આપ્યું છે અને તેના રૂા. ૧,૪૭,૦૦૦/- તેઓએ આદિવાસીઓ વતી સરકારમાં ભરી દેવાનું કબુલ કર્યું છે. આ સિવાય બીજા આશરે ૨૦ નામો આ મકાન માટે આવ્યા હતા પણ દીલગીરી સાથે તેમને નિરાશ કરવા પડયા છે તે બદલ માફી માંગુ છું.

હવે વેરાસામાં મારી પ્રવૃત્તિ લગભગ પુરી થવા આવી છે. આદિવાસીઓ માટે પાકા મકાનો, પાકા રસ્તા, પાણીના પંમ્પો તથા વીજળી વગેરેની સારા સગવડો થઈ છે. સુંદર સ્કુલ, બાલવાડી, પ્રાર્થના હોલ તથા લગ્નનો હોલ વગેરે સુંદર સગવડો થઈ છે. આદિવાસીઓનું જીવન ધોરણ ઠીક ઠીક ઉચું આવ્યું છે. ઘણાએ દારૂ છોડ્યો છે અને બીજાઓને છોડાવવાની કોશીશ ચાલુ છે. હવે મારી ઈચ્છા પ્રોપર બાલાસિનોર રહેતા ખૂબ જ ગરીબો માટે કંઈક કરવાની છે. આવા ખુબ જ ગરીબો હોય તેમને શોધીને આશરે ૨૦૦ માણસોને મેં રેશનીંગ કાર્ડ આપ્યા છે. આ લોકો ખુબ જ ગરીબ છે. આટલી મોંઘવારીમાં તેમને થોડી મદદની ખાસ જરૂર છે. તે માટે એક સ્કીમ કાઢી છે. આવા લોકોને દર પંદર દિવસે અગર મહીનામાં એક વખત પાચં કીલો અનાજ આપીએ, તો તેમને થોડો ટેકો થાય. આશરે ૬ રૂપીયા કીલો બાજરી અગર જુવાર ગણીએ તો ૧૦૦૦ કીલોના ૬૦૦૦ થાય આવા ૧૨ કે ૨૪ યુનીટ મળે તો આ ગરીબોને ખુબ આર્શીવાદરૂપ થઈ પડે. આ સિવાય જે દાતા રૂા. ૧૧,૦૦૦/- આપે તો ૧૦૦ ગરીબ સ્ત્રીઓને એક સાડી, એક ચણીયો અને એક બ્લાઉઝનું વિતરણ થઈ શકે. આ સિવાય તહેવારોમાં ખાંડ, ગોળ, તેલ કે ચાહ નું વિતરણ પણ થઈ શકે.

બીજી એક અપીલ વેરાસા માટે છે જે નીચે પ્રમાણે છે.

શાળા તથા બાલવાડીના કુલ ૨૧૨ બાળકો માટે
રૂા. ૫૦૦/-  એક દિવસના નાસ્તા માટે
રૂા. ૧૦૦૦/- એક દિવસના સાદા પેટ ભરીને ભોજન માટે
રૂા. ૧૫૦૦/- એક દિવસના મીષ્ઠાન સાથેના પેટ ભરીને ભોજન માટે

ઉપરની કોઈ યોજના એક અગર  વધારે દાતાઓ લઈ શકે છે. આ સિવાય શ્રધ્ધાંજલિ ભોજન તથા જન્મ દિવસની તીથીઓ પણ નોંધવામાં આવે છે. આવા ટાઈમે દાતા જે રીતે સલાહ આપશે તે રીતે આ તિથિઓની ઉજવણી કરીશુ.

અત્રે લખ્યા વગર રહી શકતો નથી કે મારી પ્રવૃત્તિમાં બાલાસિનોરના આપણા જ્ઞાતિના દાતાઓનો મુખ્ય ફાળો છે. વગર માંગ્યે આ દાતાઓ પાસેથી ખુબ જ દાન મળ્યું છે. દાતાઓ ખુબ ઉદાર દિલ અને દયાળુ છે. કોઈની થેલી ખાલી રાખતા નથી. તો આ મારી થેલી જરૂરથી ભરાઈ જશે એવી મને આશા છે.

*- નવીનીતલાલ મણીલાલ શાહ (ઝાટ)*

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ, મુંબઈ

પ્રિય વૈષ્ણવો,

પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વિઠ્ઠલ બાવાશ્રી પ્રકાશિત એક ત્રિમાસીક સામયિક ''જય જય શ્રી ગોકુલેશ'' (હિન્દીમાં) બહાર પડે છે. જે કોઈ ભાઈ-બહેનને તેના સભ્ય થવું હોય તે શ્રી સૈલેસ બાબુલાલ શાહ ટે.નં. ૨૩૮૮૪૦૪૯ ઉપર સંપર્ક કરે. વાર્ષિક લવાજમ રૂા.૫૦/- છે.

*નવનીતલાલ સી. પરીખ(સરકાર)*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

સૌ સભ્ય બહેનોને અમારી નવા વર્ષની શુભેચ્છા. મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ શુક્રવાર તા.૨૭.૧.૨૦૦૬ ના રોજ બપોરે ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન સેનેટ હોલ, સ્ટેટસની પાછળ, નરીમાન પોઈન્ટ ખાતે યોજવામાં આવ્યો છે. દરેક બહેનો હિસ્સો લઈ શકે તેવી રમતો રમાડવામાં આવશે. કાર્યક્રમના પાસ રૂા.૭૫/-, આપી કોઈપણ કમીટીની બહેનો પાસે નામ નોંધાવવા. પાસ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. લકી ડ્રો પણ રાખવામાં આવેલ છે. બહેનોને વિનંતી કે મોટી સંખ્યા હાજરી આપી કાર્યક્રમ સફળ બનાવે.

*સંયોજક - નીના કડકીયા (૨૩૬૭૩૪૨૦)*

---

## ''બાપુ'', તમે ક્યાં છો ?



ધડ, ધડ, ધડ ગોળી વરસી,
પ્રાર્થના સભા વિખરાઈ ગઈ.
દંગલ શરૂ થયું, જાહેર થયું
''કોઈ હિન્દુએ વિંધી નાખ્યા''
હે રામ ! હે રામ ! કહેતાં ઢળી પડયાં,
જીતી ગયા, જીવી ગયા,
''પ્રભૂ તેમને માફી બક્ષે, શું કર્યુ તેની ખબર નથી !''
શાંત થઈ ગયું, આંસુઓ સરી પડયાં,
નદીઓ વહેવા લાગી, પછી શું ? પથ્થર પર પાણી !
આંસુઓ સુકાઈ ગયા, ને બાપુ વિસરાઈ ગયા,
યાદ કરીએ વર્ષિએ, પ્રતિમાને ફુલહાર ચઢાવ્યા,
શાંતિ, મોન રાખ્યું, અંજલિ આપી, પછી શું ?
સૌ વિખરાઈ ગયા, તમે વિસરાઈ ગયા,
અહીંસાની જીત થઈ, ભારતને આઝાદી મળી,
રાજા ગયા, નેતા આવ્યા,
આઝાદી આવી, ગુલામી લાવી,
અખંડ ભારતના ટુક્કા કર્યા સત્તા કાજે, ખુરશી માટે.
મોંધવારી વધતી ચાલી, ગરીબાઈમાં વૃધ્ધિ લાવી,
તમારૂં થશે, અમારૂં કરો, ટેક્ષ આપી પેટ ભરો,
થશે, થશેના વાયદા થયા, ખાલી હાથ, ખાલી રહ્યા.
વાહરે ! સ્વતંત્રતા કે સ્વછંદતા, દેવાના ડુંગરા કર્યા,
નેતાઓ ન્યાલ થયા, આઝાદી શા કામની,
પ્રજાની થઈ બરબાદી,
સૌ કોઈ વિચારો, જાગો ભારત જાગો,
આઝાદ દેશની કરમ કહાની
''બાપુ'', તમે ક્યાં છો ?

*''ચાંદશા''*
*ચંદ્રકાંત શાહ (ચટઈ)*

# મુક્તકો

ઈશપૂજામાં અભિષેક પંચામૃતનો થાય છે,
દૂધ, દહી, ઘી, મધ ને મોરસ, માપસર વપરાય છે,
પંચ પદારથના ગુણો, માનવ જીવનમાં જો ધરે,
જીવન પુષ્પ તેનું સદાયે, મહેકથી ખીલી ઉઠે.

રાખવો હોય જલતો ચૂલો, પવન ફુકવો જોઈએ,
સગડીમાં કોલસાને કોડિયે તેલ પુરવા જોઈએ,
રાખવો હોય ભાવ ભગવદ દઢ સનાતન શક્તિમાં,
સમરણ અને સત્સંગ, નિયમીત નિત્ય કરવા જોઈએ.

જીંદગીમાં ત્યાગગો મહિમા અનેરો છે ઘણો,
ને સહનશક્તિની હદનો પણ મહિમા છે ઘણો,
ભોગવે ઉપવાસ કેવી તકલીફો, માનવ મહાન,
આકરા શબ્દો અવરના જાય ગળી, વધુ છે મહાન

રોજ મળવા ઈશ આવે તે જીવન,
જીવ મળવા જાય ઈશને તે મરણ,
મૃત્યુ મંગલકારી ઘટના હોય તો,
ભીતિ, ચિંતા, અંતકાળે છે અકારણ.

પરિવાર કેરા વૃક્ષના મૂળ સમી માતા દિસે,
ને પિતા તે વૃક્ષનો આધાર અડીખમ થડ દિસે,
પ્રસરેલ શાખાઓ સરીખા હોય સંતાનો સુખી,
હસતા-રમતા ભૂલકા તો, પરિપક્વ ફળ-ફુલ શા દિસે.

પ્રાર્થના ઈચ્છાની પૂર્તિ કાજ છે,
આભાર-આદર વ્યક્ત કરવા કાજ છે,
માર્ગદર્શન કે મદદ ત્યાંથી મળે,
પ્રાર્થનાથી ઈશપ્રાપ્તિ થાય છે.

***સતીશ ભીખાલાલ પરીખ (રોકડીયા)***

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

## પુરક સહાય ફંડ

વધુ નોંધાયેલા - મળેલા યુનીટો
(તા.૩૦.૯.૦૫ સુધી)

**<u>રૂ.એક લાખ (રૂ.૧,૦૦,૦૦૦ ના યુનીટો)</u>**

શ્રી નટવરલાલ મગનલાલ કડકીઆ (લટકારી)
શ્રી દેવાંગ રજનીકાંત શાહ (નગરશેઠ)
શ્રીમતી સાવિત્રીબહેન જયંતીલાલ કડકીઆ (મરઘા)

**<u>રૂ. ૨૫,૦૦૦ ના યુનીટો</u>**

અનુ જયોતિ શેઠ (અગાઉ રૂા. ૫૦,૦૦૦ મળ્યા હતા)
તારાબહેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ

**<u>રૂ. ૧૨,૫૦૦ ના યુનીટો</u>**

હાજી ઉસ્માનભાઈ ઈસ્માઈલભાઈ શેખ (લાલા)
હાજી અબ્દુલ સતાર ઈસ્માઈલભાઈ શેખ (લાલા)
હાજી મહમદ શરીફ હાજી ઉસ્માનગની શેખ (જનોડવાળા)
હાજી ઉસ્માનગની હાજી મહમદભાઈ શેખ (જનોડવાળા)
શાંતાબહેન બાબુલાલ પરીખ (બખલી)
શાંતાબહેન અને કાંતિલાલ લાલચંદ દોશી
મહમદભાઈ ઈસ્માઈલભાઈ બેન્સાવાળા શેખ
કોકિલાબહેન મણિકાંત કડકીઆ
(અગાઉ રૂા.૨૫,૦૦૦ મળ્યા હતા)
ચંચળબહેન મોજીલાલ શેઠ
હાજી અબ્દુલ ગફુર ઈસ્માઈલભાઈ શેખ (લાલા)


**<u>ટ્રસ્ટ ભંડોળ - ૨૦૦૪-૦૫ મા મળેલ દાન</u>**

(રૂા.૨૧,૯૦૦) બાલાસિનોર તાલુકા
સંકટ નિવારણ સમિતિ
(રૂા.૧૧,૦૦૧) રેખા ભગીરથ શાહ
હસ્તે કનુભાઈ ધારીઆ

**સહુ દાતાઓને હાર્દિક અભિનંદન.**

***મંત્રીઓ - ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

# અંધેરી ગ્રુપ-બાલાસિનોર ના વર્તમાન તથા ભૂતપૂર્વ સભ્યો માટે



# સમૂહ ભોજન અને વસ્તી પત્રકનું વિમોચન

**અતિથિ વિશેષ**

**શ્રી શશીકાન્ત ચીમનલાલ ધારીઆ (દલાલ)**
**એસ. કે. કોર્પોરેશનવાળાના શુભ હસ્તે.**

**રવિવાર તા.૧૨.૨.૨૦૦૬ ☞ સવારે ૧૦.૩૦ કલાકે**
**સ્થળ: પેપીલોન પાર્ક, ટાટા પાવર હાઉસ સામે, લીંક રોડ, અંધેરી (વેસ્ટ)**

અંધેરીમાં હાલ વસતા, નવા રહેવા આવેલા અને જૂના રહેવાસીઓ જેઓ અંધેરી છોડી ગયા છે અને ગ્રુપના સભ્યો તરીકે નોંધાયા છે તે સૌને વિવિધ મનોરંજન કાર્યક્રમ તથા સમૂહ ભોજનમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

***સંપર્ક***

| | | | |
|---|---|---|---|
| કલ્પેશ ધારીઆ (ઘર) | : ૨૬૭૭૮૭૫૨ | ઑફિસ | : ૨૨૦૬૧૫૧૪ |
| પરેશ પરીખ (ઘર) | : ૨૮૨૧૭૧૮૬ | ઑફિસ | : ૨૨૦૦૪૯૨૦ |
| પંકજ પરીખ (ઘર) | : ૨૬૨૮૫૨૨૫ | ઑફિસ | : ૨૨૦૧૨૩૦૭ |

નોંધ: તમારી અચૂક હાજરી અપેક્ષિત છે. સંજોગોવસાત હાજર ન રહી શકો તો ઉપર જણાવેલ સભ્યોને જરૂર જણાવશો.

**શ્રી બાલાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલિત**
**શ્રીમતી કલાબહેન ચીમનલાલ કડકીયા (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા**
**શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ સંચાલિત**
**શ્રી બાલાસિનોર પ્રગતી મંડળ આર્થીક રાહત યોજના**

ઉપરોક્ત સંસ્થાઓના સહ્યોગથી આ વર્ષ અન્ન સહાય તથા આર્થિક રાહત લેતાં કુટુંબજનોએ તા.૧૦.૨.૨૦૦૬ સુધી પોતાના ફોર્મ સંપૂર્ણ વિગતવાર ભરીને નીચેના સ્થળે આપી જવા.

૧) શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ કાર્યાલય કાલબાદેવી, મુંબઈ-૨

૨) શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ - મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ-૭.

*કન્વીન્યર કીર્તીભાઈ દેસાઈ (દેડકી) ઉર્વીશ, મોદી (દેવ)*

---

# સમાચાર વિભાગ

## બાલાસિનોરમાં શ્રી ગીતા અધ્યયન

શ્રીકૃષ્ણ પરમાત્માની શ્રીમુખની વાણી શ્રીમદ્ ભગવદ્ ગીતા જે સનાતન ધર્મનું આધ્યાત્મિક જ્ઞાનનું પવિત્ર વહેતું ઝરણું છે તેને ઝીલવા પધારો. આપણાં બાલાસિનોરમાં ''આર્ષ વિદ્યાલય'', પટવા શેરી જયાં ગીતાનાં શ્લોકોનું શુરૂ ઉચ્ચારણ, તેનાં અર્થનું વિવરણ તથા વેદો, ઉપનિષદોનો સોમ થી શુક્ર પ્રાતઃ સાયં અભ્યાસ સરળ શૈલીમાં પૂ.સ્વામિની તદાકારાનંદ સરસ્વતીજી (પૂ.માતાજી) ભક્તો, મુક્ષુઓને કરાવી રહ્યા છે.

બાળકોમાં સંસ્કૃતિનાં સંસ્કારનાં સિંચન માટે બાલવિહારનાં વર્ગો, શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

ઉપરાંત જનમાષ્ટમી, મહાશિવરાત્રી, રામનવમી, ગુરૂપૂર્ણિમા, શ્રી ગણેશ ચતુર્થી, હનુમાન જયંતી, નવરાત્રિ જેવા પર્વોનું સાધકો મુમુક્ષુ ભાઈ બહેનોને આધ્યાત્મિક મહત્વ સમજાવી વૈદિક પદ્ધતિથી

---

ગુજરાત થીઓસોફીકલ ફોરેશનનું ૯૦ મું વાર્ષિક અધિવેશન બાલાસિનોર ખાતે ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલ તથા પ્રાર્થના ખંડમાં તા.૧૧-૧૨-૧૩ જાન્યુ ૨૦૦૬ ના દીવસો માં ભરાનાર છે. આ અગાઉ ૮૧ મું અધિવેશન આજ સ્થળે સ્વ. પુનમચંદભાઈ વકીલના નેજા હેઠળ ૧૯૭૯ માં ભરાયું હતું, આ અવસર બાલાસિનોર માટે શોભારૂપ છે.

*દેવદત્તભાઈ ત્રિવેદી*
*મંત્રી - બાલાસિનોર થીઓસીફીકલ સોસાયટી*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **પ્રવીણ ચંદુલાલ શાહ - વર્ષા પ્રવીણ શાહ**
કલ્પતરૂ ક્લાસીક, ફ્લેટ નં ૭૦૪ એ,
ચીંચોલી બંદર રોડ, મલાડ (વે.), મુંબઈ - ૬૪.

૨) **Ankur Shrad Kadakia**
**Monali Ankur Kadakia**
14163 Aldora Circle, Burstonsville,
MD 20866, Washington DC. USA,
Ph: 301-890-2320, Cell: 240-350-8790

૩) **Nimesh & Sapna Kadakia**
512 Toyon Avenue # 264, San Jose, CA 95127,
Ph: 408-937-7510

## નવા ફોન નંબર

૧) **શિરીષ જગમોહનદાસ પરીખ (ચાગરમ)**
મો.: ૯૮૬૯૧૬૩૩૦૫
ઘર: ૫૬૦૬૯૮૦૬

## તેજસ્વી તારણાં

૧) નિરાલી રાજેન ગાંધી IATA માં ડીસ્ટીંગ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થા વતી તમને અભિનંદન.

૨) અદીતી નિમીષ કડકીઆ મહારાષ્ટ્ર યુનીવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ (MUHS) ના સ્વીચ થેરાપી તથા ઓડીયોલોજીની શાખામાં ફાઈનલ ઈયરમાં ૭૨.૨% સાથે ઉત્તીર્ણ થયા છે સંસ્થાવતી તેઓને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ૧. શાહ ક્રીષ્ણવદન મગનલાલ (ગુંથરીવાળા) | ૭૦ |
| ૨. કુસુમબહેન નટવરલાલ પરીખ (રાઠોડીયા) | ૭૫ |
| ૩. નીપુર્ણાબહેન બીપીનભાઈ મોદી (ઠાસરાવાળા) | ૫૮ |
| ૪. ભાવનાબહેન અશોકભાઈ કડકીઆ (વલ્લભધેલા) | ૪૬ |
| ૫. શ્રીકાંતભાઈ બાબુલાલ પરીખ (રોકડીઆ) | ૬૫ |
| ૬. કૃષ્ણવદન મગનલાલ શાહ (ગુંથરીવાળા) | ૭૮ |

## લગ્ન પ્રસંગે મળેલા દાન માટેના વચનોની યાદી

૧,૧૧,૧૧૧/-શ્રી અસીત રસીકલાલ ધારીઆ (દલાલ)
૪૪,૦૦૦/- : શ્રી સચીન પ્રવીણચંદ્ર ગાંધી
૧૧,૦૦૦/- : શ્રી યોગેશ ઓ. મોદી (ઠાસરાવાળા)
૧૧,૦૦૦/-: શ્રી રસીકભાઈ કીર્તનલાલ કડકીઆ (ઘંગેલા)

## દાતાનો ખુબ ખુબ આભાર

શ્રીમતી કોકીલાબહેન જયંતિલાલ કડકીઆ (વલ્લભધેલા) સીકંદ્રાબાદવાળા તરફથી નીચે મુજબની સંસ્થાને દાન પ્રાપ્ત થયેલ છે.

રૂા.૮,૦૦,૦૦૦ - કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (૭,૫૦,૦૦૦ Faco m/c for eyes & ૫૦,૦૦૦ જનરલ ડોનેશનમાં

રૂા.૧,૦૦,૦૦૦ શ્રી વાડાસિનોર વિદ્યોતેજક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ

રૂા.૧,૦૦,૦૦૦ શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

**કુલ્લે દસ લાખ પુરા.**

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીણ વિભાગ માટે *(સંકલન)***
**E-mail Address - vadsol@balasinor.org**